# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

રાજીવ ગાંધી ભવન'' સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેકસ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web: www.gujaratcongress.org E – mail : gpcc1234@gmail.com


================================================================

**અખબારી યાદી** તા. ૧૫-૦૨-૨૦૨૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઓ.બી.સી., એસ.સી., એસ.ટી., લઘુમતિ વિભાગ દ્વારા પંજાબના મુખ્યમંત્રી પદે ચરણજીત ચિન્નને ઉમેદવાર ઘોષિત કરવા બદલ કોંગ્રેસ પક્ષ અને શ્રી રાહુલ ગાંધીજીનો આભાર વ્યક્ત કરવા આયોજિત સંમેલનમાં કોંગ્રેસ પક્ષના સંગઠન ગુજરાત પ્રભારી ડૉ. રઘુ શર્મા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે સંબોધન કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ હંમેશા દલિત-આદિવાસી, મુસ્લિમ અને ઓબીસી સહિત સર્વે સમાજને સાથે લઈને ચાલે છે. પંજાબમાં એક સામાન્ય મધ્યમવર્ગમાંથી આવતા દલિતના દીકરાને મુખ્યમંત્રી બનાવ્યા તે બદલ શ્રી રાહુલ ગાંધીજીનો અને કોંગ્રેસ પાર્ટીનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો. ગુજરાતમાં આવનારા દિવસોમાં અન્યાય, અત્યાચારી, બંધારણને ન માનનારી ભાજપ સરકારને જનતા ઉખાડી ફેંકશે. પંજાબમાં છત્તીસગઢમાં અને રાજસ્થાનમાં કોંગ્રેસ પાર્ટીએ એસી, એસટી, ઓબીસી અને લઘુમતિ સહિતના સર્વે સમાજને સત્તામાં ભાગીદાર બનાવ્યા છે. ગુજરાતમાં પણ 2022માં કોંગ્રેસ પાર્ટીની સરકાર બનવા જઈ રહી છે ત્યારે એસી, એસટી ઓબીસી અને લઘુમતિ સહિત સર્વે સમાજના લોકોની જ સત્તામાં ભાગીદારીથી લોકોની, લોકો માટે કલ્યાણકારી જનસરકાર બનાવશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના ઓ.બી.સી., એસ.સી., એસ.ટી., લઘુમતિ વિભાગ દ્વારા આયોજિત સંમેલનમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી પક્ષના નેતા સુખરામ રાઠવા, એ.આઈ.સી.સી. સેક્રેટરી વિશ્વરંજન મોહતી, જીતેન્દ્ર બઘેલ, પૂર્વ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિરોધ પક્ષ ઉપનેતા શૈલેષ પરમાર, રાધનપુર ધારાસભ્ય રઘુ દેસાઈ, દાંતીવાડા ધારાસભ્ય કાંતિ ખરાડી, કલોલ ધારાસભ્ય બળદેવજી ઠાકોર, વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, માઈનોરિટી વિભાગના ચેરમેન વજીર ખાન પઠાણ, એસી. સી વિભાગના ચેરમેન હિતેન્દ્ર પીઠડીયા સહિત મોટી સંખ્યામાં આગેવાનો - કાર્યકરો જોડાયા હતા.

(ડૉ.મનીષ એમ.દોશી)
મુખ્ય પ્રવક્તા